email: citypulse@gujaratmitra.in

CITY pulse — Holi Hai — ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૪ માર્ચ, ૨૦૨૫

# ધુળેટી બની ટ્રેન્ડી: કલરફુલ ડેકોરેશન-સ્વીટ્સ, અટ્રેક્ટિવ ફોટોબૂથ સાથે રંગોની ધમાલ

મજ્જેની LIFE

ઉત્સવ પ્રિય સુરતીઓ દિવાળી-ઉત્તરાયણ પછી હોળી-ધૂળેટીની આતુરતાથી રાહ જોતા હોય છે. ધુળેટીના દિવસે તો 'હોલી ખેલે રઘુવીરા અવધ મેં હોલી ખેલે રઘુવીરા જેવા હોલી પરના ફિલ્મી સોંગ, DJની તાલ પર ડાન્સ કરી એકબીજાને રંગવાની મજા એકદમ અલગ જ હોય. આપણે ગઈકાલે હોળી પ્રગટાવી દીધી અને આજે તો સવારથીજ સુરત સિટીમાં રંગોની છોળો ઉડી રહી છે. પહેલાંના સમયમાં લોકો ફુલોમાંથી બનતા કલર, ગુલાલથી એકબીજાને રંગીને સાદાઈથી ધુળેટી ઉજવતા પણ પછી ધુળેટીના રંગો ટ્રેન્ડી બનવા લાગ્યા. હવે મડ (કાદવ) હોળી, રેઈન પાર્ટીનું પ્રોફેશનલ ટચમાં મોટપાયે આયોજન થવા લાગ્યું. પણ અત્યારનો નવો ટ્રેન્ડ એ છે કે લોકો પોતાના ઘરના ગાર્ડન કે, ફાર્મ હાઉસ પર એકદમ ઝકાસ રીતે રંગોની હોળી રમવાનું આયોજન કરવા લાગ્યા છે. હોળી કલરનો તહેવાર હોવાથી તેના સેલિબ્રેશનમાં ફ્રેન્ડ્સ અને રિલેટિઝ માટે એકદમ કલરફુલ માહોલ ક્રિએટ કરાય છે. કલરફુલ ડેકોરેશન, કલરફુલ દેશી વિદેશી સ્વિટ્સ તો ખરીજ પણ લોકો ફરી જુના જમાનાની ટ્રેડિશનલ હોળી રમવા તરફ વળ્યા છે તે કેવી રીતે, કેવા પ્રકારનું ડેકોરેશન કરાય છે, કેવી થીમ પર હોળી સેલિબ્રેશન થવા લાગ્યું છે, હવે બાળકો માટે પણ ઈવેન્ટ પ્લાનર, આર્ટિસ્ટોને હાયર કરીને વિવિધ એક્ટિવિટીઝને વણી લઈને ધુળેટીનું આયોજન થવા લાગ્યું છે, હવે તો સ્વિટ્સ પણ કલરફુલ રાખવામાં આવે છે જે ગેસ્ટને આકર્ષક લાગે છે તો એ કેવા પ્રકારની સ્વિટ્સ હોય છે અને તેને ટ્રેડિશનલ અને ઈન્ડોવેસ્ટર્ન ટચ આપીને કેવું સેલિબ્રેશન થઈ રહ્યું છે ? તે જાણીએ.



## ગુલાબની પાંખડીઓથી રમાય છે હોળી, હવે મંદિરના ફુલોમાંથી પણ બને છે કલર

પાક્કા કલર સ્કિન ડીસીઝને આમંત્રણ આપતા હોય છે વળી, આંખોને પણ નુકસાન કરે છે. જેને લીધે હવે નેચરલ કલરથી રંગવાનું પસંદ કરાય છે. ગલગોટાના ફૂલ અને ગુલાબના ફૂલની પાંખડીઓથી હોળી રમાય છે. વળી, ફુલમાંથી બનતા કલર લગાવવાનું પસંદ કરાય છે. કમળ અને ગુલાબી ગુલાબમાંથી ગુલાબી રંગ, ચમેલી અને મોગરમાંથી સફેદ, લાલ ગુલાબમાંથી લાલ કલર, ગુલમોહરમાંથી કેસરી, કરેણમાંથી ગુલાબી, પરાજીતાના ફુલથી વાદળી રંગ બનાવાય છે, કેસૂડામાંથી બનાવેલા કલરમાંથી ધુળેટી રમાય છે. હવે તો એક ટ્રેન્ડ એવો પણ જોવા મળે છે કે મંદિરના ફૂલો એકત્રિત કરી તેમાંથી કલર બનાવી તેનો ઉપયોગ પણ ધુળેટી રમવા કરાય છે.



(પ્રતિકાત્મક તસવીર)






## હવે બાળકો માટે પણ વિવિધ એક્ટિવિટીઝ સાથે સ્પેશ્યલ હોળી પાર્ટી હોય

ઈવેન્ટ પ્લાનર દેવયાની ભાટિયાએ જણાવ્યું કે, સુરતીઓ હવે બાળકોને હોળી અને ધુળેટીનું મહત્ત્વ સમજાવવા સ્પેશ્યલી તેમના માટેની હોળીનું આયોજન કરે છે. તેમાં બાળકોને વિવિધ એક્ટિવિટીઝ કરાવાય છે. જેમકે, આર્ટિસ્ટને બોલાવીને બાળકોને હોળીની પિચકારી, બલૂનનું ચિત્ર બનાવતા શીખવાડાય છે અને સ્ટોરી ટેલરને હાયર કરાય છે. તેઓ બાળકોને હોળી સાથે જોડાયેલી વાર્તાઓ સંભળાવે છે. બાળકો ફાયરલેસ કુકિંગ શીખે તે માટે પાણીપુરીના સ્ટૉલ ઉભા કરાય છે અને બાળકો જાતે પાણીપુરી બનાવી હોળી પાર્ટીમાં આવેલા ગેસ્ટને પાણીપુરી ખવડાવે છે. નવીનતા રૂપે બાળકો શ્રીકૃષ્ણ સાથે ફૂલોની હોળી રમે છે.

## કલરફૂલ તહેવારમાં ચાર રંગના રસગુલ્લા સહિતની ટ્રેડિશનલ અને ઈંગ્લીશ મીઠાઈ

હવે લોકો ફરી ટ્રેડિશનલ મીઠાઈઓ તરફ વળ્યા છે. જેમકે, ગુલાબ જામુન, જલેબી, રસમલાઈ, અને ચાર કલરના રસગુલ્લાથી ગેસ્ટનું મોઢું મીઠું કરાવાય છે. હોળી કલરનો તહેવાર હોવાથી હવે મીઠાઈ પણ કલરફૂલ રાખવા ચાર કલરના રસગુલ્લા હોય છે. ગુલાબના ફલેવરના ગુલાબી રસગુલ્લા, પાન ફલેવરના ગ્રીન અને કેસરના યલો કલરના રસગુલ્લા મહેમાનો માટે મુકાય છે. હવે તો હોળીમાં ખાસ તો બંગાળી સંદેશ મીઠાઈનું અટ્રેકશન હોય છે. એકતરફ ટ્રેડિશનલ મીઠાઈ તો બીજી તરફ ઈંગ્લીશ મીઠાઈ જેમકે, કપ કેક્સ, સ્લાઈસ કેક, પેસ્ટ્રી, કેક પૉપ્સ અને ચોકલેટ રાખવામાં આવે છે તથા ઠંડાઈ તો હોય જ.






## વૃંદાવન, 12 જ્યોતિર્લિંગ, ઇન્ડો વેસ્ટર્ન થીમ પર થાય છે સેલિબ્રેશન

કૃષ્ણ અને ગોપીઓની થીમ, વૃંદાવન, 12 જ્યોતિર્લિંગની થીમ સહિત ધાર્મિક થીમ પર હોળી-ધૂળેટીનું આયોજન હવે થવા લાગ્યું છે.બાલાજી રોડ મોહલ્લાના સંદીપભાઈએ જણાવ્યું કે આ વખતે અમે ફાઈબરના 12 જ્યોતિર્લિંગ બનાવ્યા છે. આ જ્યોતિર્લિંગનો ઉદ્ભવ કઈ રીતે થયો તેની માહિતી પણ દર્શાવવામાં આવશે. જે હોળી પ્રકટાવવામાં આવશે તેની પર હોલિકા અને તેના ખોળામાં પ્રહલાદનું પૂતળું મુકાશે. DJ બોલાવશે અને ડિસ્કો લાઈટ કરાશે.ફોમ પાર્ટી અને અબીલ ગુલાલની છોળો ઉડાડી અનોખું સેલિબ્રેશન કરાશે.

## ફાર્મ હાઉસ, ઘરના ગાર્ડન અને સોસાયટીના લાઉન્જમાં થતા આયોજનમાં કલર પોટ, બેકડ્રોપ, ફલાવર્સનું ડેકોરેશન

આજકાલ બધા જ લોકો પોતાના કામમાં અતિશય વ્યસ્ત રહે છે એટલે સગા સંબંધી, મિત્રો, પાડોશીઓ સાથે બે ઘડી ગમ્મત માટેના અવસર શોધતા હોય છે એટલે હોળીના પણ મોટા આયોજન થાય છે. આ આયોજન ઘરના ગાર્ડનમાં, સોસાયટીના લાઉન્જમાં, ફાર્મ હાઉસમાં કરાય છે. તેમાં કલર પોટ, સેવંતી, દેશી ગુલાબ, ગલગોટાના ફૂલોનું ડેકોરેશન થાય છે. વળી બેકડ્રોપ પણ ડેકોરેટિવ હોય છે. બેકડ્રોપમાં સુંદર પડદા પર ફૂલોની ટોકરીઓનું ડેકોરેશન થાય.આવી હોળીમાં પુલ પાર્ટી , રેઈન ડાન્સ, હોળી બબલ, ફોમ પાર્ટી થાય છે.

## ફ્લાવર્સ, નાની-નાની ડેકોરેટિવ પીચકારીથી બનાવેલું ફોટોબૂથનું આકર્ષણ



જ્યારે વ્હાઈટ કપડામાં કલર રમાય ત્યારે કલરફુલ કપડા આકર્ષિત લાગતા હોય છે તેવા વેશમાં ફોટો પડાવવાનો તથા સેલ્ફી લેવાનો ક્રેઝ લોકોમાં હોય છે એટલે હવે હોળીના મોટા આયોજનોમાં ફોટોબૂથનું અટ્રેકશન ઉભું કરાય છે. આવા ફોટોબૂથ કલરફૂલ ફલાવર્સ, નાની-નાની ડેકોરેટિવ પિચકારી, કલરફુલ બલૂનના બનાવાય છે. ફોટોબૂથમાં ફોટો પાડ્યા બાદ તે ફોટો સોશ્યલ મીડિયા પર સ્ટેટ્સ અને સ્ટોરીમાં મુકવાનો ટ્રેન્ડ હવે વધારે છે.

# ધૂળેટીના અવનવા આકર્ષણ

## ઇન્ક કલર એવો કે થઈ જશે છૂ મંતર, કીટી ફ્રેન્ડ ને ડેકોરેટિવ કલર પોટની ગિફ્ટ

CREATIVE માઈન્ડ્સ

**મિત્રો અને રિલેટિવ્ઝ સાથે ગુલાલભરી મસ્તી કરવા માટે સુરતીઓ ધૂળેટીની મહિનાઓ સુધી રાહ જોતા હોય છે અને તે દિવસ આખરે આજે આવી જ ગયો. સુરતીઓનો મિજાજ તો કલરફુલ છે જ અને તેઓ દરેક પ્રકારના સેલિબ્રેશનમાં નવું ને નવું ઝંખતા જ હોય છે. તેમના મિજાજને પારખીને જ ધૂળેટીને વધુ ટ્રેન્ડી બનાવવા નવા નજરાણા બજારમાં આવ્યા છે. ટ્રેન્ડી એ રીતે કે હવે કિટી પાર્ટી ફ્રેન્ડ્સને પણ સરસ મજાની કલરફુલ ગિફ્ટ આપવાનો ટ્રેન્ડ આ વખતે જોવા મળી રહ્યે છે. આ વખતે બાળકો માટે અનોખી કાર્ટૂન પિચકારી આવી છે, હોળી સેલિબ્રેશન વધુ કલરફુલ બનાવવા શું નવા એટ્રેકશન્સ બજારમાં આવ્યા છે ? તે આપણે જાણીએ...**

### આઇ માસ્ક પિચકારી બાળકોની બની પસંદ



આ વખતે બજારમાં નાના બાળકોને એટ્રેક્ટ કરવા માટે આઈ માસ્ક પિચકારી આવી છે. તે કાર્ટૂન શેપમાં અને અલગ અલગ રેડ, યલો, ગ્રીન વગેરે કલરમાં મળી રહી છે. આ માસ્ક આંખો પર લગાવવાનું છે એટલે તેને ગોગલ્સ પિચકારી પણ કહેવાય છે. તેની એક સાઈડમાં પિચકારી જોડેલી હોય છે અને આંખની પાસેની સાઈડમાં માસ્ક પર એક હોલ હોય છે જેમાંથી પાણી પિચકારીની જેમ નીકળે છે.






### એડીબલ કલર પોટમાંના રંગ મોઢામાં જાય તો પણ નુકસાન નહીં

**નાના નાના પોટમાં બાળકો માટે એડીબલ ગ્લુકોઝ પાઉડર જે પાઉડર ફોર્મમાં હોય છે અને તે મોઢામાં જાય તો પણ તે હાનિકારક નથી. તે પોમોગ્રેનેટ, ઓરેન્જ, મેંગો, સ્ટ્રોબેરી ફ્લેવરના હોય છે. આ એડીબલ કલર પોટની પણ આ વખતે ડિમાન્ડ રહી છે.**

### છૂ મંતર જાદુ કલર એવો કે કપડા પર થી કલર તરત ગાયબ થઈ જાય

આ એક પ્રકારની કલર ઇન્ક છે જે કપડાં પર છાંટવામાં આવે તો બે ત્રણ સેકન્ડ તો તે કલર ગાયબ થઈ જાય અને કપડા પર કોઈ ડાઘ પણ નહીં દેખાય. જોકે, હજી તે લોકોમાં ઠીકઠાક લોકપ્રિય બન્યું છે. તે નાનકડી બોટલમાં મળે છે અને તે ઇન્કની જેમ જ દેખાય છે.




### ગુલાલ ગન અને ઇલેક્ટ્રિક વોટર ટેન્ક

ગુલાલ ગનના ઉપયોગથી હોળી સેલિબ્રેશન પાર્ટીમાં ભેગા થયેલા ફ્રેન્ડ્સ અને રિલેટિવ્ઝ પર ગુલાલ ઉડાવી શકાય છે. ટોટા મેજીક ગુલાલ ગનની ડિમાન્ડ લોકો કરી રહ્યા છે. તો ઇલેક્ટ્રિક વોટર ટેન્ક બાળકો માટે છે. તેમાં પાણી વધારે પાણી ભરી શકાય છે. તેને અમુક કલાકો પછી ચાર્જ કરવી પડતી હોય છે. તેને પ્રેસ નહીં કરવાની હોય પણ ટ્રિગર દબાવો એટલે સન સન કરતું પાણી દૂર દૂર સુધી ઉડે છે.

### કલર મટકી કિટી પાર્ટીમાં ગિફ્ટ તરીકે આપવામાં આવી રહી છે



એકદમ નાની ટચૂકડી કલર મટકી અત્યારે મહિલાઓમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. મટકીમાં ગ્રીન, યલો, રેડ, પિંક, વાદળી, પોપટી, કેસરી હર્બલ કલર્સ હોય છે. આવી કલર મટકી જેને કલર પોટ પણ કહી શકાય તે ભગવાનની મૂર્તિ સામે મુકવા ખરીદવામાં આવી રહી છે. વળી, લેડીઝ કિટી પાર્ટીમાં તેમની ફ્રેન્ડ્સને હોળીની ગિફ્ટ તરીકે આપી રહી છે. અન્ય લોકો પણ પોતાના ફ્રેન્ડ્સને ભેટ તરીકે તો ઘરમાં હોળી પાર્ટી ડેકોરેશન માટે પણ તે ખરીદવામાં આવી રહી છે. આ સાથે એક સોનેરી કલરમાં ડેકોરેટિવ હોળી ડિશની પણ ઘણી ડિમાન્ડ જોવા મળી રહી છે. તેમાં પિચકારી, બાલ્ટી, નાનું કલર પોટ અને કંકુ-ચોખા મુકવા માટે નાની નાની વાટકીઓ હોય છે. તે પણ ભગવાનની મૂર્તિ સમક્ષ મુકવા અને ગિફ્ટ તરીકે આપવા માટે મહિલાઓ ખાસ ખરીદે છે.



